Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :27• Date : 23-11-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# મેડિકલ માફિયા પતંજલિ વિરૂદ્ધ પ્રચાર કરે છેઃ રામદેવ



નવી દિલ્હી,

ભારતની સર્વોચ્ચ અદાલતે બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ પ્રોડક્ટ પર કડક ફટકાર લગાવી છે અને કડકાઈ સાથે કહ્યું હતું કે, તેઓ ભ્રામક જાહેરાતો બંધ કરે. ત્યારે આ મામલે યોગગુરુ અને પતંજલિના સ્થાપક બાબા રામદેવે જવાબ આપ્યો છે. સુપ્રીમ કોર્ટની ટીપ્પણી બાદ રામદેવે કહ્યું કે, પતંજલિએ ક્યારેય ખોટો પ્રચાર કર્યો નથી. અમારી દવાઓ સંશોધન પર આધારિત છે. રામદેવે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, મેડિકલ માફિયાઓ અમારા વિરુદ્ધ પ્રોપગેંડા ચલાવી રહ્યા છે. બાબા રામદેવે કહ્યું કે, પતંજલિ વિરુદ્ધ ૫ વર્ષથી પ્રોપેગેંડા ચલાવાઈ રહ્યો છે. અમને સતત ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે.

મારી પાછળ મેડિકલ માફિયાઓ પડ્યા છે. તેમણે કહ્યું કે, અમે સુપ્રીમ કોર્ટનું સન્માન કરીએ છીએ. અમે ખોટા વચનો આપતા નથી. ઉલ્લેખનિય છે કે, પતંજલિ દ્વારા ભ્રામક જાહેરાતો તેમજ એલોપેથીક અંગે બાબા રામદેવના વિવાદાસ્પદ નિવેદન મામલે ગઈકાલે (મંગળવાર) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં સુપ્રીમ કોર્ટે આધુનિક દવાઓ અને રસીકરણ મામલે પતંજલિ આયુર્વેદની જાહેરાતો પર નારાજગી વ્યકત કરી છે. કોર્ટે પતંજલિને કહ્યું કે, તેઓ કોઈપણ ભ્રામક જાહેરાત કે ખોટો દાવો ન કરે. કોર્ટે પતંજલિને ચેતવણી આપતા કહ્યું હતું કે, મોટો દંડ ફટકારવામાં આવશે. પતંજલિને ચેતવણી આપવાની સાથે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનો પણ ઉલ્લેખ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ભ્રામક મેડિકલ જાહેરાતોનો નિવેડો લાવવા કેન્દ્ર સરકારને પ્રસ્તાવ રજુ કરવા કહ્યું છે.સુપ્રીમ કોર્ટે યોગગુરુ અને પતંજલિના સંસ્થાપક બાબા રામદેવની રિટ પિટિશન પર સુનાવણી હાથ ધરી હતી. બાબા રામદેવે કોરોનાકાળ દરમિયાન એલોપેથિક ઉપચાર વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેના કારણે ઘણા રાજ્યોમાં તેમની સામે કેસ નોંધાયો, ત્યારે આ મામલે બાબા રામદેવે સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી ફોજદારી એફઆઈઆરથી રક્ષણની માંગ કરી હતી. બાબા રામદેવ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી કે, તેમની ટિપ્પણીઓ ભારતીય દંડ સંહિતા (આઈપીસી) અથવા અન્ય કોઈપણ એક્ટ હેઠળના કોઈપણ ગુનાને પાત્ર નથી. રામદેવે બીજા જ દિવસે નિવેદન પરત ખેચી લીધું હતું. ન્યાયાધીશ એ.એસ.બોપન્ના અને ન્યાયાધીશ એમએમ સુંદરેશની બેંચે પતંજલિને ચેતવણી આપવાની સાથે કેન્દ્ર સરકાર, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, બિહાર અને છત્તીસગઢ સરકારોને નોટિસ પાઠવી કેસ મામલે પ્રતિક્રિયા માંગી છે. રામદેવની પિટિશનમાં એવી પણ માંગ કરાઈ છે કે, તેમના વિરુદ્ધની તમામ એફઆઈઆર ક્લબ કરવામાં આવે અને તેને દિલ્હી (દ્વીઙ્ઙૈ)માં ટ્રાન્સફર કરવામાં આવે. તેમણે તેમની સામે દાખલ અનેક કેસોની કાર્યવાહી પર રોક લગાવવા અને દંડાત્મક કાર્યવાહીથી રક્ષણ આપવા પણ માંગ કરી છે. ઉલ્લેખનિય છે કે, રામદેવે કોવિડ-૧૯ મહામારી દરમિયાન એક મોટો વિવાદ ઉભો કર્યો હતો. આ દરમિયાન તેમનો એક વીડિયો સામે આવ્યો હતો.

### સેનાના પૂર્વ કમાનના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલનો દાવો

# દળોના લૂંટાયેલા ૪૦૦૦ હથિયાર પરત ન આવે ત્યાં સુધી હિંસા ચાલુ રહેશે

## સરકારનો પ્રયાસ હિંસા રોકવી અને સંઘર્ષના બંને પક્ષોને રાજકીય સમસ્યાના શાંતિપૂર્ણ ઉકેલ માટે પ્રેરિત કરવાનો છે

ગુવાહાટી,

મણિપુરમાં જાતીય સંઘર્ષને 'રાજનીતિક સમસ્યા' ગણાવતા સેનાના પૂર્વ કમાનના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ કલિતા રાણા પ્રતાપ કલિતાએ ગઈ કાલે કહ્યું હતું કે, જ્યાં સુધી સુરક્ષાદળો પાસેથી લૂંટી લેવામાં આવેલા લગભગ ૪,૦૦૦ હથિયાર સામાન્ય લોકો પરત લઈ ના લેવાય ત્યાં સુધી હિંસાની ઘટના ચાલુ રહેશે.

પૂર્વ કમાનના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફએ એમ પણ કહ્યું હતું કે, ભારત મિઝોરમ અને મણિપુરમાં સામાન્ય ગ્રામીણો, સૈન્ય અથવા પોલીસ સહિત મ્યાનમારમાંથી શરણ લેનારા કોઈ પણ વ્યક્તિને આશ્રય આપી રહ્યું છે પરંતુ માદક પદાર્થોના તસ્કરોના ઉગ્રવાદી સમૂહોના સશસ્ત્ર કેડરોને નહીં. કલિતાએ ગુવાહાટી પ્રેસ ક્લબમાં માડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, અમારો પ્રયાસ હિંસા રોકવી અને સંઘર્ષના બંને પક્ષોને રાજકીય સમસ્યાના શાંતિપૂર્ણ ઉકેલ માટે પ્રેરિત કરવાનો છે. કારણ કે અંતે તો સમસ્યાનું રાજકીય સમાધાન જ થવાનું છે. તેમણે કહ્યું કે, જ્યાં સુધી જમીનની સ્થિતિનો સવાલ છે તો ભારતીય સેનાનો ઉદ્દેશ્ય શરૂઆતમાં પોતાના ઘરોમાંથી વિસ્થાપિત થયેલા લોકો માટે બચાવ અને રાહત અભિયાન ચલાવવાનો હતો. કલિતાએ કહ્યું કે, ત્યારબાદ અમે હિંસાને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ જેમાં અમને ઘણી હદ સુધી સફળતા મળી છે. પરંતુ બે સમુદાયો મેતેઈ અને કૂકી વચ્ચે ધ્રુવીકરણને કારણે કેટલીક જગ્યાએ ઘટના ઘટી રહી છે. સંઘર્ષ શરૂ થયાના સાડા છ મહિનાથી વધુ સમય બાદ પણ મણિપુરમાં શા માટે સામાન્ય સ્થિતિ પાછી નથી આવી તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, રાજ્યમાં રહેતા ત્રણ સમુદાયો - મેતેઈ, કુકી અને નાગા વચ્ચે કેટલીક વિરાસત સબંધિત મુદ્દા છે. લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે આ અગાઉ ૧૯૯૦ના દાયકામાં કુકી અને નાગાઓ વચ્ચે સંઘર્ષ થયો હતો જેમાં લગભગ ૧,૦૦૦ લોકો માર્યા ગયા હતા. કલિતાએ કહ્યું કે, ભારત-મ્યાનમાર સરહદના માધ્યમથી માદક પદાર્થોની સાથે-સાથે હથિયારોની તસ્કરી પણ બંધ થઈ ગઈ છે. જોકે કેટલીક છૂટી છવાઈ ઘટનાઓ બની શકે છે. તેમણે ભાર આપતા કહ્યું કે, પરંતુ ૪,૦૦૦ શસ્ત્રો પહેલેથી જ ખુલ્લામાં છે તો મને લાગે છે કે બહારથી શસ્ત્રો લાવવાની કોઈ જરૂર નથી.

# પંજાબમાં સતુલજ નદીની રેતમાં દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી

ચંદિગઢ,

ઈન્ડિયન ઈન્ડસ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) રોપરને તાજેતરમાં એક મોટી સફળતા મળી. માહિતી અનુસાર આઈઆઈટી સાથે સંકળાયેલા રિસર્ચરોને પંજાબમાં સતુલજ નદીની રેતમાં અત્યંત દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી છે. એવી શક્યતા છે કે આ શોધ બાદ ભારતને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં મોટો ફાયદો થશે. પ્રથમ વખત તેની શોધ ૨૨૧ વર્ષ પહેલા સ્વીડનમાં થઈ હતી.

ટેન્ટલમ અત્યંત દુર્લભ મનાય છે. આજના દોરમાં વપરાતી સૌથી વધુ કાટવિરોધી ધાતુઓ પૈકી એક છે. તે ગ્રે કલરની હોય છે. ખાસ વાત એ છે કે ટેન્ટેલમ શુદ્ધ હોય ત્યારે તે અત્યંત ફ્લેક્સિબલ હોય છે જેને રબરની જેમ ખેંચી કે પાતળું કરી તાર કે દોરાની જેમ પણ બનાવી શકાય છે. તેનું મેલ્ટિંગ પોઈન્ટ પણ વધારે હોય છે. આ મામલે ટેન્ટલમથી આગળ ફક્ત ટંગસ્ટન અને રીનિયમ જ હોય છે. આ ધાતુનો સૌથી વધુ ઉપયોગ ઈલેક્ટ્રોનિક સેક્ટરમાં થાય છે. ટેન્ટલમથી તૈયાર થયેલા કેપેસિટર્સમાં નાના આકારમાં પણ મોટાપાયે વીજળી સ્ટોર કરવાની ક્ષમતા હોય છે. તેના લીધે તેને સ્માર્ટફોન, લેપટોપ અને ડિજિટલ કેમેરા જેવા ડિવાઈસમાં ઉપયોગમાં લેવા આદર્શ મનાય છે. આ ધાતુનું નામ પૌરાણિક ગ્રીક મિથકના ચર્ચિત નામ ટેન્ટેલસના નામે રખાયું છે. હાઈ મેલ્ટિંગ પોઈન્ટને લીધે તેનો ઉપયોગ પ્લેટિનમની જગ્યાએ પણ થાય છે.

## તંત્રી લેખ

# બેંકોની સાઈબર સુરક્ષા

નાણાં મંત્રાલયે દેશની તમામ સરકારી બેંકોને પોતાની સાઈબર સુરક્ષાની સમીક્ષા કરવા અને તેને મજબૂત બનાવવાની જે સલાહ આપી, એના પર અમલ પણ સુનિશ્ચિત કરવો જોઈએ. આ એટલા માટે જરૂરી છે, કારણ કે બેંકોની સાઈબર સુરક્ષામાં એટેક થતા જ રહે છે. ગયા અઠવાડિયે જ જાહેર ક્ષેત્રની યુકો બેંકમાં તાત્કાલિક ચૂકવણી સેવાના માધ્યમથી કેટલાક લોકોના ખાતામાં ખોટી રીતે ૮૨૦ કરોડ રૂપિયા જમા થઈ ગયા હતા. એ ઠીક છે કે તેમાંથી ૬૪૯ કરોડ રૂપિયાની વસૂલી થઈ, પરંતુ બેંક હજુ સુધી એ સ્પષ્ટ ન કરી શકી કે આ ટેકનિકલ ખામી માનવીય ત્રુટિને કારણે થઈ કે હેકિંગને કારણે. આ કોઈ પહેલી ઘટના નથી કે કોઈ બેંકની સાઈબર સુરક્ષામાં હુમલો થયો હોય. કેટલાક વર્ષ પહેલાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની સાઈબર સુરક્ષા પર હુમલો થયો હતો. એ હુમલો એટલા માટે થયો હતો, કારણ કે બેંકના અધિકારી એક ફિશિંગ ઈમેલની ચુંગાલમાં ફસાઈ ગયા હતા. વાસ્તવમાં માત્ર જાહેર ક્ષેત્રની બેંકોને જ પોતાની સાઈબર સુરક્ષા મજબૂત કરવાની જરૂર નથી, આ જરૂર તો ખાનગી ક્ષેત્રની બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓએ પણ કરવી જોઈએ. તે ઉપરાંત અન્ય જે પણ મહત્ત્વપૂર્ણ સરકારી અથવા બિનસરકારી સંસ્થાઓ છે, તેમને પણ સાઈબર સુરક્ષા પ્રત્યે સતર્કતા રાખવી પડશે.

એની અવગણના ન કરી શકાય કે ગયા વર્ષે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા એટલે કે એમ્સની સાઈબર સુરક્ષામાં હુમલો થયો હતો. તેને કારણે કેટલાય દિવસો સુધી દેશની આ સૈથી મોટી અને પ્રતિષ્ઠિત હોસ્પિટલનું કામકાજ ભારે પ્રભાવિત રહ્યું હતું. થોડા સમય પહેલાં ઈસરોના પ્રમુખે પણ એવી માહિતી આપી હતી કે તેમની સંસ્થાએ પ્રતિદિન ઓછામાં ઓછા સો સાઈબર હુમલાનો સામનો કરવો પડે છે. સાઈબર હુમલા પર નજર રાખનારી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા જારી રિપોર્ટો દર્શાવે છે કે દુનિયાભરમાં સાઈબર હુમલા ઝડપથી વધી રહ્યા છે અને આ હુમલાના દાયરામાં ભારતની પણ વિભિન્ન સંસ્થાઓ છે. વધતા સાઈબર હુમલાથી બચવા માટે દેશના તમામ સંસ્થાઓ જરૂરી ઉપાય કરીએ, તેના માટે સરકારે માત્ર સૂચન આપવા સુધી જ સીમિત ન રહેવી જોઈએ. તેને સરકારી અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓએ એ રીતભાતોથી પરિચિત કરાવવા જોઈએ જેનાથી સાઈબર હુમલા રોકી શકાય. સાઈબર હુમલા માત્ર ધનની હેરાફેરી માટે નથી થતા, પરંતુ મહત્ત્વપૂર્ણ માહિતી અને લોકોની અંગત માહિતીઓ સેરવી લેવા માટે પણ થાય છે. હાલનાં વર્ષોમાં સાઈબર છેતરપિંડી જેટલો મોટો પડકાર બનીને સામે આવ્યો છે, તેને જોતાં એ પણ જરૂરી છે કે આમ જનતા પણ પોતાના સ્તર પર તેના ખતરાઓ પ્રત્યે જાગૃત થાય અને એ સમજે કે તેની અપરિપક્વતા પણ તેના અપરાધીઓનું દુસ્સાહસ વધારી રહી છે.



શિયાળાની શરૂઆત થતા સાબરમતી રિવરફ્રન્ટમાં તિબેટીયન માર્કેટ ભરાયું છે. જેમાં લોકો ખરીદી કરી રહ્યા છે.

# અમદાવાદમાં વધુ એક સિમ સ્વેપિંગ કરીને ઠગાઈનો કિસ્સો સામે આવ્યો

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં વધુ એક સિમ સ્વેપિંગ કરીને ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. સાયબર ક્રાઈમે રૂ ૮૦ લાખની છેતરપિંડી કેસમાં મહારાષ્ટ્રના પુનાથી એક આરોપીની કરી ધરપકડ છે. આ ઠગાઈ કેસમાં સાયબર ક્રાઈમે રૂ ૫૦ લાખ ફ્રીઝ કરીને ભોગ બનનારને પરત કર્યા છે. ત્યારે કોણ છે સિમ સ્વેપિંગ કેસનો માસ્ટર માઈન્ડ આરોપી?

પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી ગૌતમ ગોપાલચંદ્ર મુખરજી છે. જેણે સિમ સ્વેપિંગ કરીને રૂપિયા ૮૦ લાખની છેતરપિંડી કરી છે. સાયબર ક્રાઈમે મહારાષ્ટ્રના પુનાથી આરોપીની ધરપકડ કરી છે. ઘટનાની વાત કરીએ તો અમદાવાદના એક યુવકનું વિટ્રાગ ફોમ પ્રા.લી કંપની નામથી બેંક ઓફ બરોડાનું એકાઉન્ટ હતું. જેમાં વોડાફોન કંપનીના મોબાઈલ નંબર રજીસ્ટર કર્યો હતો. આરોપીએ ૩૦ મેના રોજ આ નંબરનું સીમ સ્વેપ કરીને બેંક એકાઉન્ટમાંથી રૂ ૮૦ લાખનું ટ્રાન્જેકશન કર્યું. વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

આરોપી ગૌતમ મુખર્જી ટેક્નોલોજીમાં નિષ્ણાત છે અને મુળ ઝારખંડના રાચીનો રહેવાસી છે. અંગ્રેજી માધ્યમમાં ૧૨ સુધીનો અભ્યાસ કરીને BCA કર્યું હતું.

### દિવાળી બાદ સિંગતેલના ભાવમાં કડાકો

# રાજકોટમાં સિંગતેલના પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયા ઘટચા

### તહેવારો બાદ ખાદ્યતેલોમાં ઘટાડોનો સિલસિલો શરૂ થયો

રાજકોટ,

રાજ્યમાં દિવાળીના તહેવારોનો માહોલ પુરો થઈ ગયો છે, તહેવારો પુરા થતાંની સાથે જ ફરી એકવાર સિંગતેલના ભાવમાં જોરદાર કડાકો નોંધાયો છે. સિંગતેલના ભાવમાં રાજકોટમાં ૪૦ રૂપિયાનો ઘટાડો થયાના સમાચાર છે. મળતી માહિતી પ્રમાણે, દિવાળીના તહેવારો બાદ ખાદ્યતેલોમાં ઘટાડોનો સિલસિલો શરૂ થયો છે. હાલમાં જ રાજકોટમાં સિંગતેલના ભાવ ગગડ્યા છે. રાજકોટમાં આજે સિંગતેલના ભાવમાં પ્રતિ ડબ્બે ૪૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. નવી મગફળી ઓઈલ મિલોમાં પિલાણ માટે આવતા સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સિંગતેલનો ડબ્બો હવે નવા ભાવ પ્રમાણે ૨૬૨૫થી ઘટીને ૨૫૮૫ રૂપિયા સુધી પહોંચ્યો છે. જોકે, સિંગતેલના ભાવમાં હજુ પણ ઘટાડો થવાનો અંદાજ છે, દિવાળી પહેલા આ ભાવ ૨૭૦૦ આસપાસ હતો, જે છેલ્લા ૧૦ દિવસમાં સિંગતેલનો ડબ્બો ૯૦ રૂપિયા જેટલો ઘટ્યો છે. દિવાળી પહેલા રાજ્યમાંથી ઠેર ઠેર ભાવ વધારાના સામાચાર સામે આવી રહ્યાં છે. હાલમાં મળતા સમચાર પ્રમાણે, રાજકોટમાં આજે કપાસિયા તેલના ભાવનાં જોરદાર વધારો જોવા મળ્યો છે. આજે એક જ દિવસમાં કપાસિયા તેલના ડબ્બા દીઠ ૧૦૦ રૂપિયાનો વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયુ છે. મળતી માહિતી પ્રમાણે, દિવાળી ટાણે જ રાજકોટમાં ફરી એકવાર કપાસિયા તેલના ભાવનાં ભડકો જોવા મળ્યો છે. રાજકોટમાં કપાસિયા તેલના ભાવમાં ભડકાથી લોકોની દિવાળી બગડી શકે છે, આજે એક જ દિવસમાં ડબ્બે ૧૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. કપાસિયા તેલના ૧૫ કિલો બ્રાન્ડેડ ડબ્બાનો ભાવ ૧૫૧૦ હતો જે વધી ૧૬૧૦ રૂપિયાના ભાવે પહોંચ્યો છે. કપાસિયા તેલના ભાવને પગલે સિંગતેલના ભાવ પણ વધે તેવી શકયતાઓ ઉભી થઈ છે. દિવાળીના તહેવારને લઈને કપાસિયા તેલની માંગમાં જોરદાર વધારો થયો છે. દિવાળી બાદ પણ લગ્નસરાની સિઝન હોવાથી ખાદ્યતેલના ભાવ વધે તેવી વેપારીઓએ શક્યતા વ્યક્ત કરી રહ્યાં છે. નવરાત્રીની સાથે જ તહેવારની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ગરીબ લોકોને રાહત આપવા માટે ગુજરાત સરકાર મોટો નિર્ણય કર્યો છે.

# દિગ્વિજય સિંહે પનોતી પર ટ્વિટ કરીને ભાજપ ઉપર કટાક્ષ કર્યો

જયપુર, તા.૨૨

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે અને રાજકીય પક્ષોના ટોચના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે હવે એક શબ્દની ખુબ જ ચર્ચા થઈ રહી છે અને તે 'પનોતી' છે. હવે દિગ્વિજય સિંહે 'પનોતી' કોને કહેવાય એ સમજાવતા ટ્વિટ કરીને ભાજપ પર કટાક્ષ કર્યો છે.

રાજસ્થાનમાં ગઈકાલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક રેલીમાં વિવાદસ્પદ નિવેદન કરતા 'પનોતી' શબ્દનો ઉપયોગ કર્યો હતો જેના પર રાજકારણ શરુ થઈ ગયું છે અને ભાજપે રાહુલ ગાંધીને આ શબ્દનો ઉપયોગ કરવા બદલ ઘેરી લઈને માફીની માંગણી કરી છે ત્યારે હવે આ અંગે પૂર્વ સીએમ અને રાજ્યસભાના સભ્ય દિગ્વિજય સિંહ પણ આ વિવાદમાં કુદી પડ્યા છે. દિગ્વિજય સિંહે 'પનોતી' કોને કહેવાય એ સમજાવતા ટ્વિટ કરીને ભાજપ પર કટાક્ષ કર્યો છે. દિગ્વિજય સિંહે ટ્વિટમાં કટાક્ષ કરતા લખ્યું હતું કે, 'પનોતી'નો અર્થ શું છે? તેની મેં શોધી કાઢ્યો છે. આ એક નકારાત્મક શબ્દ છે. જ્યારે કોઈ કામ થતું અટકી જાય ત્યારે તે વ્યક્તિને પનોતી કહેવાય છે. પનોતી શબ્દનો ઉપયોગ એવી વ્યક્તિ માટે કરવામાં આવે છે જે તેની આસપાસના લોકો માટે દુર્ભાગ્ય અથવા ખરાબ સમાચાર લાવે છે, તેથી જ તેને નકારાત્મક શબ્દ કહેવામાં આવે છે. વર્લ્ડ કપની શરુઆત થતાની સાથે જ આ શબ્દ સોશ્યલ મીડિયામાં ટ્રેન્ડ થવા લાગ્યો હતો. આ કોના માટે હતો? સ્ટેડિયમમાં હજારો લોકો હતા. ભાજપે કેમ મોદીને 'પનોતી' માની લીધા? તેઓ તેમની નજરમાં 'વિશ્વગુરુ' છે.

### વર્લ્ડ કપમાં ભારતીય પેસ બોલરની સૌથી વધુ વિકેટ

# ઘૂંટણની ઈજા છતાં ઈન્જેક્શન લઈને રમવાનું ચાલુ રાખ્યુંઃ શમી

## શમીએ સર્જરી કરાવી ન હતી અને રમવાનું ચાલુ રાખ્યું હતુંઃ તેણે કહ્યું કે તે દર મેચ પછી હોસ્પિટલ જઈને ઈન્જેક્શન લેતો હતો




નવી દિલ્હી,

ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો હતો. ભારતીય ક્રિકેટની સફર સમગ્ર વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન શાનદાર રહી હતી પરંતુ અંતમાં ઓસ્ટ્રેલિયા સામે ફાઈનલમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. રોહિત શર્માના નેતૃત્વ હેઠળ ભારતને લીગ સ્ટેજની ૯ મેચ અને સેમિફાઈનલમાં જીત મળી હતી. પરંતુ એક ખરાબ મેચે ભારતીય ટીમના ત્રીજી વખત વર્લ્ડકપ ટ્રોફી જીતવાના સપનાને ચૂરચૂર કરી દીધું હતું. આ દરમિયાન ભારતીય ટીમના સ્ટાર વિકેટ ટેકર મોહમ્મદ શમીએ તેના જીવન વિશે વાતચીત કરી હતી. આ વાતચીતમાં તેણે તેના ક્રિકેટિંગ કરિયરને લઈને કેટલાંક ખુલાસા કર્યા હતા. જેના વિશે શમીના ફેન્સને જાણ પણ નહીં હોય.

શમીએ વાતચીત દરમિયાન કહ્યું કે વન-ડે વર્લ્ડ કપ ૨૦૧૫થી પહેલા તેના ઘુટણમાં સોજો આવી ગયો હતો. આવી સ્થિતિમાં તેની પાસે અંતિમ વિકલ્પ ઘૂંટણની સર્જરી કરાવવાનો જ હતો. શમીએ સર્જરી કરાવી ન હતી અને રમવાનું ચાલુ રાખ્યું હતું. તેણે કહ્યું કે તે દર મેચ પછી હોસ્પિટલ જઈને ઈન્જેકશન લેતો હતો. તેની જગ્યા જો તે સમયે કોઈ અન્ય ખેલાડી હોત તો તે રમતો નહી. તેની પાસે ૨ વિકલ્પ હતા પરંતુ મેં આરામ કરવાની જગ્યાએ દેશને પસંદ કર્યો. વન-ડે વર્લ્ડ કપ ૨૦૧૫ પછી શમીએ ઘૂંટણની સર્જરી કરાવી હતી. સર્જરી બાદ ડોકટરે કહ્યું હતું કે જો તે આરામથી ચાલી લેશે તો તે જ તેના માટે મોટી સફળતા હશે. ક્રિકેટ રમવું તો દૂરની વાત છે.

શમીએ વધુમાં કહ્યું કે, હું બે કલાક સુધી બેભાન હતો. પરંતુ જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે મેં ડૉકટરને સીધું જ પૂછ્યું કે હું ફરીથી ક્યારે રમવાનું શરૂ કરી શકું છું. ડૉકટરે કહ્યું, તમે સારી રીતે ચાલી લો તે જ મોટી વાત છે, તમારે રમવાનું છોડવું પડશે. શમીએ કહ્યું, 'ત્યારપછી બધું રિકવરી પર નિર્ભર હતું.'

### કેડિલા કંપનીના સીએમડી રાજીવ મોદી ફરી એકવાર ચર્ચામા

# રાજીવ મોદી વિરુદ્ધ તેમની પર્સનલ આસિસ્ટન્ટે જાતીય સતામણીની ફરિયાદ કરી

## બલ્ગેરિયાની યુવતીની અરજીની સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધ ન લેતા યુવતીએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે

અમદાવાદ,

ત્રણ વર્ષ પહેલા પત્નીને ડિવોર્સમાં ૨૦૦ કરોડ આપીને ચર્ચામા આવેલા કેડિલા કંપનીના સીએમડી રાજીવ મોદી ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. અમદાવાદની જાણીતી દવા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી વિરુદ્ધ તેમની પર્સનલ આસિસ્ટન્ટે જાતીય સતામણીની ફરિયાદ કરી છે. મૂળ બલ્ગેરિયાની યુવતીએ રાજીવ મોદી સામે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. બલ્ગેરિયાની યુવતીની અરજીની સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધ ન લેતા યુવતીએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. તેણે કરેલી રિટ અરજીમાં સીએમડી વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૭૬, ૩૫૪, ૩૨૩, ૫૦૪ અને ૫૦૬ મુજબ પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી ફરિયાદ કરી છે. ત્યારે જસ્ટિસ જે.સી.દોશીએ નીચલી કોર્ટમાંથી કેસના રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ મંગાવતો નિર્દેશ કર્યો છે. તેમજ યુવતીની અરજી પર વધુ સુનાવણી તારીખ ૪ ડિસેમ્બરના રોજ હાથ ધરાશે. યુવતીની ફરિયાદ, મારી ફરિયાદ લેવાતી નથીયુવતી દ્વારા અરજી કરવામાં આવી કે, તે મૂળ બલ્ગેરિયન નાગરિકત્વ ધરાવે છે અને તેણી ૨૦૨૨માં કેડિલા ફાર્મા કંપનીના સીએમડી રાજીવ મોદીની પર્સનલ આસીસ્ટન્ટ તરીકે જોડાઈ હતી. સીએમડી સાથે તેને કંપનીના કામે ઉદયપુર, જમ્મુ સહિતના જુદા જુદા સ્થળોએ જવાનું થતુ હતું. સીએમડીએ તેણીને એટલે સુધી જણાવ્યું હતુ કે, નોકરી કરવી હોય તો તેમાં બાંધછોડ પણ કરવી પડે. સીએમડી ઘણી વખત અન્ય લોકોની હાજરીમાં પણ તેણીની સાથે અણછાજતું વર્તન કરતા હતા. કંપનીના સીએમડીની સાથે કંપનીના જ અન્ય એક ઉચ્ચ અધિકારી જોન્સન મેથ્યુ પણ આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા છે. અરજદારે ફાર્મા કંપનીના સીએમડી અને આ અધિકારી વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે વસ્ત્રાપુર મહિલા પોલીસમથકમાં પણ અરજી આપી હતી. પરંતુ વારંવારની રજૂઆત અને લેખિત પુરાવા છતાં તેની ફરિયાદ નોંધવામાં આવતી નથી. અરજદારે સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ પણ ગુહાર લગાવી હતી પરંતુ કોઇ પરિણામ નહી આવતાં તેણીએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધના સ્થાયી સમાધાન માટે ભારત પર નજર

તેલ અવીવ,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગના ૪૭મા દિવસે આખરે બંને પક્ષો વચ્ચે ચાર દિવસના યુધ્ધ વિરામ પર સંમતિ સધાઈ છે પણ આ યુધ્ધનુ સ્થાયી સમાધાન હજી થયુ નથી. આ માટે ઈસ્લામિક તેમજ આરબ દેશોના નેતાઓને ભારત પર મોટી આશા છે. આ મુદ્દા પર ચર્ચા કરવા માટે આરબ લીગના વિદેશ મંત્રીઓ આગામી સપ્તાહે ભારત આવે તેવી આશા છે. આરબ જગતના વિદેશ મંત્રીઓ આ પહેલા ચીન ગયા હતા અને હવે ત્યાંથી પાછા ફરી રહ્યા છે અને બહુ જલ્દી તેઓ દિલ્હી આવશે. આ બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર પણ સામેલ થશે. આરબ જગતને આશા છે કે, દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ગાઝાના મુદ્દાનો કોઈ ઉકેલ મળશે. આ બેઠકમાં સાઉદી અરબ, જોર્ડન, ઈજિપ્ત તેમજ પેલેસ્ટાઈનના વિદેશ મંત્રીઓ હાજરી આપી અને સાથે સાથે પીએમ નરેન્દ્ર મોદીને મળે તેવી શક્યતા છે.

ભારતના સબંધો ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન એમ બંને પક્ષો સાથે સારા હોવાથી આરબ દેશોને આશા છે કે, ભારતના પીએમ બંને પક્ષો સાથે વાતચીત કરીને કોઈને કોઈ સ્થાયી સમાધાન સૂચવી શકે છે.

# કોચિંગ સંસ્થાઓ નહી, માતા-પિતા બની રહ્યા છે કોટામાં વિદ્યાર્થીઓના આપઘાતનું કારણ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે એક અરજી પર સુનાવણી કરતી વખતે કોટા કોચિંગ સંસ્થાઓ પર પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમજ વાલીઓ પર આકરી ટીપ્પણી કરી હતી. અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'રાજસ્થાનના કોટામાં વિદ્યાર્થીઓની વધતી આત્મહત્યા માટે કોચિંગ સંસ્થાઓને જવાબદાર ઠેરવવી યોગ્ય નથી કારણ કે માતા-પિતાની અપેક્ષાઓ પણ બાળકોને તેમના જીવનનો અંત લાવવા માટે મજબૂર કરી રહી છે.

કોર્ટે કહ્યું કે બાળકો તેમના માતા-પિતાની અપેક્ષાઓ પર ખરા ઉતરતા નથી, જેના કારણે તેઓ આત્મહત્યા કરી રહ્યા છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા બાળકો વચ્ચેની કઠિન સ્પર્ધા અને તેમના માતા-પિતાનું દબાણ આત્મહત્યાના વધતા જતા કિસ્સાઓનું કારણ છે. કોર્ટે કહ્યું કે આપણામાંથી મોટા ભાગનાને કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ પસંદ નથી. આજકાલ પરીક્ષાઓ એટલી સ્પર્ધાત્મક બની ગઈ છે અને માતા-પિતાને તેમના બાળકો પાસેથી એટલી બધી અપેક્ષાઓ હોય છે કે તેઓ તેને પૂરી કરી શકતા નથી. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બાળકો અડધા કે એક માર્કથી નાપાસ થાય છે. કોટામાં ખાનગી કોચિંગ સંસ્થાઓને નિયમન કરવા અને તેમના માટે લઘુત્તમ ધોરણો નક્કી કરવા માટે કાયદો બનાવવાની માંગ કરતી અરજીની સુનાવણી કરતા ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બે સભ્યોની બેન્ચે અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ સમસ્યા માતા-પિતાની છે કોચિંગ સંસ્થાઓની નહીં. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સલાહ આપી કે અરજદાર રાજસ્થાન હાઈકોર્ટનો સંપર્ક કરી શકે છે. કારણ કે ઉલ્લેખિત કેસ મોટાભાગે કોટા સાથે સંબંધિત છે. જોકે, કોટામાં આત્મહત્યા એક મોટો પડકાર બની ગયો છે. આંકડાઓ આ વાતની સાક્ષી પૂરે છે. આ વર્ષે ઓક્ટોબર સુધીમાં કોટામાં ૨૪ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે.

# શાહરુખનો હાથ પકડીને તાપસી પન્નુનો રોમેન્ટિક અંદાજ

મુંબઈ,

શાહરુખ ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ ડંકીને લઇને હાલમાં ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહિનાની શરૂઆતમાં શાહરુખના જન્મદિવસે ડંકી ડ્રોપ ૧ સામે આવ્યો હતુ. હવે ડંકી ડ્રોપ ૨નું પોસ્ટર સામે આવી ગયુ છે. મેકર્સે આ ફિલ્મનું સોન્ગ લુટ પુટ ગયાનું પોસ્ટ રિલીઝ કરીનો સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી દીધી છે. આ પોસ્ટમાં તાપસી પન્નુ શાહરુખ ખાનનો હાથ પકડીને ઉભી છે. ફિલ્મ ડંકીના રિલીઝ થવાને એક મહિનાની વાર છે ત્યારે ફેન્સ આ મુવીને લઇને હાલમાં ખુશ થઇ ગયા છે. હવે મેકર્સ આ મુવીનું પૂરજોશમાં પ્રમોશન શરૂ કરી દીધુ છે. ફિલ્મનું ગીત લુટ પુટ ગયા રિલીઝ થશે જેમાં શાહરુખ અને મુખ્ય અભિનેત્રી તાપસી પન્નુની વચ્ચે સુપોપ કેમિસ્ટ્રી જોવા મળશે. આ ગીત ૨૨ નવેમ્બરના રોજ એટલે કે બુધવારે રિલીઝ થશે. આ દિવસે ફિલ્મના ડાયરેક્ટર રાજકુમાર હિરાનીનો જન્મદિવસ છે.



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગરમાં તેમના નિવાસસ્થાને જર્નાલિસ્ટોનું દિવાળી સ્નેહ સંમેલન યોજાયું હતું.

### TRB જવાનોનો સરકાર સામે મોરચા

# ટીઆરબી જવાનોને છુટા કરવાનો સરકારનો નિર્ણય

## સરકાર દ્વારા કુલ ૯૦૦૦ પૈકી આશરે ૬૩૦૦ ટીઆરબી જવાનોને નોકરીમાંથી છુટ્ટા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો

અમદાવાદ,

અમદાવાદમાં ટ્રાફિક જવાનો હડતાળ પર.... કલેક્ટર ઓફિસ બહાર ટ્રાફિક જવાનોએ સુત્રોચ્ચાર કર્યા.... દસ વર્ષ નોકરી પર રહી ચૂકેલા જવાનોને છુટા કરવાના નિર્ણય સામે વિરોધ.... પોતાની જુદી જુદી માગને લઈ રજૂઆત....

૧૮મી નવેમ્બરના રોજ રાજ્ય સરકાર દ્વારા કુલ ૯૦૦૦ પૈકી આશરે ૬૩૦૦ ટીઆરબી જવાનોને નોકરીમાંથી છુટ્ટા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જેના કારણે સમગ્ર રાજ્યમાં ઠેરઠેર ટીઆરબી જવાનોમાં રોષ ફાટી નીકળ્યો છે. આજે ગુજરાતભરમાં ટીઆરબી જવાનો લડી લેવાના મૂડમાં દેખાયા છે. વિદ્યાસહાયકો બાદ હવે આજે ટીઆરબી જવાનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો કરાયા છે. સાથે જ સરકારને પત્ર લખીને આ પરિપત્ર રદ કરવાની માંગણી કરાઈ છે. રાજ્યમાં રહેલા કુલ ૯૦૦૦ TRB જવાનોમાંથી ૧૧૦૦ જવાનોનાં ૧૦ વર્ષ પૂરાં થઈ ગયાં હોવાથી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ છૂટા કરી દેવામાં આવશે. જ્યારે ૩૦૦૦ જવાનોને પાંચ વર્ષથી વધુ સમય થઈ ગયો હોવાથી તેમને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ફરજમુક્ત કરવામાં આવશે. તેમજ ૨૩૦૦ TRB જવાનોને ૩ વર્ષ કરતાં વધુ સમય થઈ ગયો હોવાથી ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ છૂટા કરવામાં આવશે. અમદાવાદમાં TRB જવાનો આજે હડતાળ પર ઉતર્યા છે. કલેક્ટર ઓફિસ બહાર TRB જવાનોએ સૂત્રોચ્ચાર કર્યા. રાજ્ય સરકારના એક પરિપત્રને લઈને ટીઆરબી જવાનોમાં વિરોધ જોવા મળ્યો છે. TRB જવાનોને છૂટા કરવાના નિર્ણય સામે વિરોધ દર્શાવાયો છે. સમગ્ર રાજ્યમાં ૬ હજાર ટીઆરબી જવાનોને છુટા કરવાની વાત ચાલી રહી છે, ત્યારે સુરતના ટીઆરબી જવાનોમાં આ નિર્ણયને લઈ રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણય પરત ખેંચવા માંગ ઉઠી છે. ટીઆરબી હેડ અને અન્ય કર્મચારીઓ ગતરોજ ભાજપ કાર્યાલય પહોંચ્યા હતા. તેઓએ ભાજપ શહેર પ્રમુખ સાથે મુલાકાત કરી હતી.

# બ્રિટિશ પિઝા રેસ્ટોરન્ટમાં સલાડમાંથી ઈયળ નીકળી

અમદાવાદ,

રાજ્યમાં વધુ એકવાર પીઝા રેસ્ટોરન્ટમાં ગયેલા ગ્રાહકને કડવો અનુભવ થયો છે. વિગતો મુજબ અગાઉ પણ અમદાવાદ અને અનેક શહેરોમાં પીઝામાંથી જીવાત નીકળવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે.

આ તરફ વધુ એક પિઝા રેસ્ટોરન્ટમાં ગ્રાહકને કડવો અનુભવ થયો છે. વસ્ત્રાલ સ્થિત બ્રિટિશ પિઝા રેસ્ટોરન્ટમાં સલાડમાં ઈયળ નીકળી હોવાનું સામે આવ્યું છે. જેથી ગ્રાહકે હોટલ સંચાલકને જાણ કરી હતી. અમદાવાદના વસ્ત્રાલ સ્થિત બ્રિટિશ પિઝા રેસ્ટોરન્ટમાં સલાડમાં ઈયળ નીકળવાની ઘટના સામે આવી છે. વિગતો મુજબ ગત મોડી રાત્રે જમવા ગયેલા ગ્રાહકને આ કડવો અનુભવ થયો હતો. જેમાં બ્રિટિશ પિઝા રેસ્ટોરન્ટમાં સલાડમાં ઈયળ નીકળતા ગ્રાહક ચોંકી ઉઠ્યા હતા અને ગ્રાહકે હોટલ સંચાલકોને ફરિયાદ કરી હતી. સમગ્ર મામલે હજી સુધી AMCને જાણ નથી કરાઈ. મહત્વનું છે કે, ગુજરાતમાં છાશવારે કોઈને કોઈ રેસ્ટોરન્ટના જમવામાંથી જીવાત નીકળી હોવાના વીડિયો વાયરલ થઈ રહ્યાં છે. ત્યારે અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલી બધી ઘટનાઓ બાદ પણ તંત્ર કે રેસ્ટોરન્ટના માલિકોના પેટનું પાણી કેમ નથી હલતું. શા માટે આવી બેદરકારીને ચલાવી લેવાય છે. શું આવી રેસ્ટોરન્ટોને સીલ મારી મસમોટો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી ના થઈ શકે?

# વડોદરામાં સ્ટન્ટબાજ કરતો યુવકને પોલીસે ઝડપી પાડ્યો

વડોદરા,

વડોદરામાં થોડાક સમય પહેલા જાહેર રસ્તાં પર સ્ટન્ટબાજી કરતો એક યુવકનો વીડિયો સામે આવ્યો હતો, હવે પોલીસે આ ઘટના અંગે એક્શન લેતા સ્ટન્ટબાજ યુવકને ઝડપી પાડ્યા છે. વડોદરાના ન્યૂ વીઆઈપી રોડ પર સ્ટન્ટબાજ યુવક કલ્પેશ દરબાર પોતાની મંગેતરને તેની બાઈકની ટાંકી પર બેસાડીને રસ્તાં પર જોખમીભર્યા સ્ટન્ટ કરીને સવારી કરતો હતો, આ અંગે પોલીસે ગુનો નોંધ્યા હતો, અને હવે તેને ઝડપી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં થોડાક સમય પહેલા પોતાની મંગેતરને પોતાની બાઈકની ટાંકી પર બેસાડીને જોખમી સવારી કરીને સ્ટન્ટ કરતા યુવકે ઝડપી પાડવામાં આવ્યો છે. હરણી પોલીસે બાઈકના નંબરના આધારે તપાસ કરીને ગુનો દાખલ કર્યો હતો. શહેરના ન્યૂ વીઆઈપી રોડ પર મિલન પાર્ટી પ્લોટ પાસે કલ્પેશ દરબાર નામનો યુવક બાઈક ચલાવી રહ્યો હતો, કલ્પેશે તેની મંગેતરને બાઈકની પેટ્રોલની ટાંકી પર બેસાડી હતી અને જોખમી સ્ટન્ટ કરતો હતો, આ ઘટના છઠ્ઠ પૂજાની રાતની છે, આનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ જ વાયરલ થયો હતો. જે બાદ હરણી પોલીસે તપાસ કરી બાઈક નંબરના આધારે કલ્પેશ દરબાર સામે આઈપીસી કલમ ૨૭૯ તથા એમ.વી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# સુરતના ઓલપાડમાંથી ઝડપાયો ૭૮૭ કિલો ગાંજાનો જથ્થો

સુરત,

રાજકોટ, ધોરાજી બાદ સુરતમાંથી પણ ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. મળતી જાણકારી અનુસાર, રાજકોટના માલિયાસણ નજીકથી ૧.૪ કિલોના ગાંજા સાથે હરેશ ગોસાઈ નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. ટુ વ્હીલર ઉપર ગાંજાના જથ્થાની હેરાફેરી કરતો હોવાનું અને ચોટીલા પંથકમાંથી ગાંજો લાવતો હોવાનું ખૂલ્યું હતું

બીજી તરફ સુરતમાં ઓલપાડના સાયણ એવરવિલામાંથી ગાંજો ઝડપાયો હતો. SOG પોલીસે રેડ કરી ૭૮૭.૨૨૬ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો અને પોલીસે ટ્રક ચાલક સહિત સંડોવાયેલા ૩ આરોપીને વૉન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ટ્રક, મોબાઈલ, ૭૮ લાખ રૂપિયાનો ગાંજાના જથ્થો સહિત ૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ગઈકાલે રાજકોટમાં ધોરાજીના સુપેડી ગામેથી ગાંજાના છોડનું વાવેતર ઝડપાયું હતું. દુદાભાઈ સગારકા નામના શખ્સે ગાંજાના છોડનું વાવેતર કર્યુ હતું. તો તાપીમાં ડોલવણ તાલુકાના ધાંગધર ગામે રેડ કરી આરોપીના ઘરની પાછળ આવેલ ખેતરમાંથી ગાંજાના ચાર છોડ ઝડપી લીધા હતા અને એક આરોપીને કુલ ૭૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપી અન્ય બે આરોપીને વૉન્ટેડ જાહેર કર્યા હતા.નોંધનીય છે કે ગયા મહિને પણ બનાસકાંઠામાંથી એક કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્યની પ્રાથમિક શાળાના ૨ લાખથી વધુ શિક્ષકોને CPR તાલીમ અપાશે

અમદાવાદ,

રાજ્ય સરકાર, ભાજપાના ડૉક્ટર સેલ તથા ઈન્ડીયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજીસ્ટ-ગુજરાત ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે એક ખાસ તાલીમ યોજાશે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં તબીબી એસોસિયેશન અને વિવિધ શિક્ષણ સંઘો વચ્ચે બેઠક યોજાઈ હતી. આ દરમ્યાન શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું છે કે, શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપવામાં આવશે.આ એક દિવસીય તાલીમ બે તબક્કામાં યોજાશે. તા. ૩ જી ડિસેમ્બર અને તા ૧૭ મી ડિસેમ્બર૨૦૨૩ ના રોજ રવિવારના દિવસે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતેથી CPR તાલીમનો શુભારંભ કરાવશે.વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આજે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં તબીબી એસોસિયેશન અને વિવિધ શિક્ષણ સંઘો વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ જોડાયા હતા.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya